For Private Circulation Only

Price Rs. 5/-

# B.P.A. newsletter

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to
Comprehensive Development
Of Persons with Disabilities

વર્ષ : ૨૦૨૧-૨૨ ▲ અંક : ૧ ▲ ઓક્ટ-ડિસે - ૨૦૨૧ (જાન્યુઆરી - ૨૦૨૨) (This Newsletter is available on website: www.bpaindia.org)

RESEARCH & NEWSLETTER
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## 'દિવ્યાંગજનોનાં સંમેલન સેન્ટર અર્થે દાન



મોન્ટિકારલો લિમિટેડ એક કન્સ્ટ્રક્શન અને ડેવલપમેન્ટ કંપની તરીકે અગ્રેસર ઔદ્યોગિક ક્ષેત્રમાં છે. આ કંપનીએ બીપીએનાં બિલ્ડીંગ નં - ૮ માટે તેઓએ રૂ. બે કરોડ દિવ્યાંગજનોનાં શિક્ષણ-પ્રશિક્ષણનાં હિતાર્થે ફાળવ્યા હતાં. તે પૈકી તેઓએ પ્રથમ એક કરોડ રૂ.ની રકમનું દાન કંપનીનાં સેક્રેટરીશ્રી કલ્પેશભાઈ અંધજન મંડળમાં વિકાસાર્થે આપ્યાં હતાં તેમજ આ રકમમાંથી બિલ્ડીંગ નં - ૮ ના પાંચમાં અને છઠ્ઠા માળનાં બાંધકામ માટે સંમેલન સેન્ટરમાં સુવિધા સજ્જ શિક્ષણ, પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમો, દિવ્યાંગજનો માટે થઈ શકે તે માટે ફાળવ્યાં હતાં.

## જી.એસ.એસ.સી.એલ સહયોગ




ગુજરાત રાજ્ય સીડ કોર્પોરેશન લિમિટેડ કંપની દ્વારા સ્વરોજગાર કીટ, સાધન સહાય, ડિફરન્ટલી એબલ ને આર્થિક સહયોગ આપ્યો છે તેમજ મોતિયાની શસ્રક્રિયા અને કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટેશન તેમજ રોગ અટકાવ અને અંધત્વ પ્રોગ્રામ માટે ગુજરાત રાજ્ય સીડ કોર્પોરેશન દ્વારા સી.એસ.આર ગ્રાન્ટ વર્ષ-૨૦૨૧-૨૨માં મંજુર કરી ૮૮,૬૯,૦૦૦/- કરી તેઓએ અંદાજે ૧૩૦૦ થી વધુ વ્યક્તિઓને મદદરૂપ બનવા જાણકારી આપી હતી.

આ સમારોહ ના ઉદઘાટન સમયે કંપનીનાં મેનેજીંગ ડાયરેક્ટરશ્રી પી.એસ.રબારી અને ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી હિતેશભાઈ બાબરિયા તારીખ : ૨૭-૦૧-૨૦૨૨ નાં રોજ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મોતિયા તેમજ કોર્નિયાનાં ૫૦ થી વધુ દર્દીઓને મદદરૂપ બની રહેશે તેમ જણાવ્યું હતું.





## વર્લ્ડ સાઈટ દિવસ - ૨૦૨૧

સિલ્વર જ્યુબીલી ફંક્શન અંધજન મંડળ, નડિયાદ ખાતે તા.૧૪ ઓક્ટોબરે - બીપીએ, નડિયાદ શાખામાં આયોજીત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં એવોર્ડ, સામાજિક ક્લબ અને ફંડ એકત્રીકરણ "ફ્લેગ ડે" પ્રસંગે ઉદઘાટન અને મોટીવેશન સ્પીકર શ્રી ભુપેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, સામાજિક કાર્યકર અને મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ વનીતાબેન પટેલ (વિણાબેન) ઠાકોરભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ પદાધિકારીશ્રી અને સ્ટાફ ગણ ફંક્શનમાં ઉપસ્થિત રહ્યાં હતાં.





## હરિઓમ મોટા વોકેશનલ તાલીમ સેન્ટર

હરિઓમ મોટા વોકેશનલ સેન્ટર બહુવિક્લાંગતા વ્યક્તિઓના માટે નડિયાદની અંદર શ્રી ક્રિના પટેલે તા.૧૪ ઓક્ટોબરનાં રોજ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ક્રિના પટેલના માતેશ્રી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેન્ટર માં અહીંયા ૩૦ પુખ્ત વયનાં બહુ વિક્લાંગ તાલીમાર્થીઓને મેકીંગ માટે ના જુદી જુદી તાલીમનાં ટ્રેડ પણ રહેશે.






સાણંદ આઈટીઆઈ બીપીએ ખાતે કારવાન કાર્યક્રમ દિલ્હી દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બીપીએનાં ઉચ્ચ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




## વિશ્વ વિક્લાંગ દિવસની ઉજવણી





જોધપુર એસોસીએશન, અમદાવાદ (જેએ એ) દ્વારા ઉજવણી IDPWDS સાધન સહાય આપી દિવ્યાંગજન જોધપુર જિલ્લા સહયોગી જોધપુર બ્રાન્ચ, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન અને ભગવાન મહાવીર વિક્લાંગ સહાયતા સમિતિ દ્વારા ૧૫૦ દિવ્યાંગજનોને સાધન સહાયતામાં ટ્રાયસિકલ, વ્હીલચેર અને આર્થિક ઉપાર્જન માટે સિલાઈ મશીન આપવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમનું આયોજન જોધપુર એસોસીએશન અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી વિનિતા કોઠારી અને ચીફ ન્યાયાધીશ શ્રી સંજય જૈન ઉપસ્થિત રહ્યા હતા જ્યારે જોધપુર એસોસીએશન અમદાવાદના પ્રમુખ શ્રી ગજેન્દ્ર ભંડારી, પ્રમુખશ્રી ખજાનચી સુમુર લોધા, ટ્રસ્ટીશ્રી જુગલ કિશોર રાઠી, સેક્રેટરીશ્રી ચંચલ રાજ મહેતા, ઉપપ્રમુખશ્રી જી.એમ.એમ સીંઘી - આદ્ય સ્થાપક - પ્રમુખ શ્રી આ ઉપરાંત બીપીએનાં ઉચ્ચ પદાધિકારીશ્રી જોધપુર વિશ્વ વિક્લાંગ દિન ઉજવણી મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## બીપીએ ભૂજ યુનિટ

બીપીએ ભૂજ યુનિટ દ્વારા રાશન કીટ સાંઈઠ દિવ્યાંગજનોને આપી તેમજ એકસો સાંઈઠ દિવ્યાંગજનોના ઈ-શ્રમ યોજના તળે નોંધણી કરવામાં આવી હતી.

અહી ડી.પી વર્લ્ડના  એચ.આર શ્રી વરૂણ શર્મા અને સીએસઆર સંભાળતા શ્રી નંદીનીબેન ધાવરકરે કેસીઆરસી ભૂજની આ સમયે મુલાકાત લીધી હતી.




## રાહી ફાઉન્ડેશન

રાહી ફાઉન્ડેશન દ્વારા નાસ્તો સુમેરૂ સેન્ટરનાં દિવ્યાંગ બાળકોને હર હંમેશા આપે છે આમ, ત્રીજી ડિસેમ્બર - ૨૦૨૧ના  વિશ્વ વિક્લાંગ દિવસે રક્તદાન અને નેત્રદાનનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે તેઓએ આયોજીત કર્યો હતો.





## ભૂલકાઓ માટે મેજીક શો

દિવ્યાંગ ભૂલકાઓ માટે મેજીક અને મનોરંજન શોનું આયોજન બીપીએ હોપ કમિટિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.




## બીપીએ બનાસકાંઠા યુનિટ

દિવ્યાંગજનો માટે જન-જાગૃતિ કેમ્પ પીડબલ્યુડી અને પેરેન્ટ રાઈટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદારશ્રી અને અન્ય ઓફિસીયલ સ્ટાફ પ્રોગ્રામમાં ઉપસ્થિત રહી ઝુપડપટ્ટીનાં બાળકોનાં વાલીને જનજાગૃતિના અભિયાનનું આહવાહન  કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન ખુશીઓનું સરનામું ડીસાનાં બાળકોએ નૃત્ય (ડાન્સ) દ્વારા વાતાવરણને આશાઓથી ખુશીઓમાં ભરી દીધુ હતું.




## આઝાદી કા અમૃત મહોત્સવ

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગમાં ભારત સરકારનાં પોસ્ટ વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં લેખન સ્પર્ધા રાખવામાં આવી હતી.આ અમૃત મહોત્સવની વડાપ્રધાનશ્રીએ પણ નોંધ લીધી હતી. આ લેખનસ્પર્ધા તા.૧૭ ડિસેમ્બર ૨૦૨૧નાં રોજ યોજાય હતી તેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ બીપીએમાંથી ભાગ લીધો હતો.  સ્પર્ધામાં "મારા સ્વપ્નનું ભારત - ૨૦૪૭" અને "આઝાદીનાં સંઘર્ષનાં હિરો" ઉપર લેખન કાર્ય ૭૫ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ - ૪ થી ૧૨ એમ કરીને સમગ્ર ભારતમાંથી પોસ્ટકાર્ડ ઉપર લખીને પી.એમ.ઓ સુધી પહોંચાડવાનાં હતા. તેમાં અમદાવાદનાં ૨૦૦ સ્કુલના એક લાખ વિદ્યાર્થીઓએ પોસ્ટકાર્ડ પીએમઓ સુધી મોકલ્યા હતા.તેમાં બીપીએનાં વિદ્યાર્થીઓએ પણ બ્રેઈલમાં પોસ્ટકાર્ડ ઉપર સ્પર્ધા લખીને મોકલી હતી.








## એવોર્ડ ગેલેરી



દિવ્યાંગ ટેબલટેનિસ ખેલાડીને નેશનલ એવોર્ડ આઉટ સ્ટેન્ડીંગ રમતોમાં ભારતનાં રાષ્ટ્રપતિશ્રી ડૉ. રામનાથ કોવિંદનાં વરદ્ હસ્તે તા. ૩ ડિસેમ્બર - ૨૦૨૧નાં રોજ **શ્રી ઉષા રાઠોડ, બીપીએને** એનાયત કરવામાં આવ્યો હતો.



નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, દિલ્હીનાં ઉપક્રમે સરોજીની ત્રિલોકનાથ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૨૧માં આપવામાં આવ્યો હતો.તેમાં સર્ટીફિકેટ, ટ્રોફી અને ચેક અંકે રૂ ૫૦,૦૦૦ નો સમાવેશ થાય છે. આ એવોર્ડ બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી **ડૉ. ભૂષણ પુનાની** ને તેઓની દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓનાં ઉત્કર્ષમાં ઉત્કૃષ્ઠ સેવાની સરાહનીય ઉમદા કાર્ય માટે તારીખ : ૦૩/૧૨/૨૦૨૧ નાં રોજ વિશ્વ વિક્લાંગ દિને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આ સમયે ડૉ. ભૂષણ પુનાની જોધપુર એસોસીએશન, અમદાવાદ સાધન સહાય વિતરણ પ્રસંગમાં રાજસ્થાનનાં કાર્યક્રમમાં હતાં. તેઓની દિવ્યાંગજનોની અવિરત ઉત્કૃષ્ઠ સેવાની ભાવના તેમજ તેઓનું દિવ્યાંગજનોના ફિલ્ડ ક્ષેત્રનું નોલેજ દિવ્યાંગજનોને હંમેશા ફળદાયી બની રહ્યું છે. આ એવોર્ડ સ્વીકારતાં તેઓએ ૫૦,૦૦૦ નો ચેક બીપીએ સ્ટાફ વેલ્ફેર સોસાયટીને આપી દીધો હતો. આ ઉમદા પરોપકાર સેવાની સરાહના બીપીએનાં ટ્રસ્ટીગણ, સ્ટાફ અને દાતાશ્રીઓ ગૌરવ અનુભવે છે.

નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, ગુજરાત, ભરૂચ શાખાનાં **સેક્રેટરીશ્રી પ્રદીપ પટેલ અને શ્રી વિષ્ણુ વાઘેલાને** ઉસ્તા ટી એવોર્ડ તા.૧૨ ડિસેમ્બર, ૨૦૨૧ નાં રોજ આપવામાં આવ્યો હતો.



ટેબલ ટેનિસમાં ભારતનું નામ વિશ્વમાં રોશન કરતાં **શ્રી ભાવિનાં પટેલ** વિજેતાને ત્રણ રાજ્યોની સરકારે દેશનું નામ રોશન કરતાં રૂ.૭ કરોડના ઈનામ તેઓને પ્રાપ્ત થયા હતાં. જ્યારે તેઓને અર્જુન એવોર્ડ ભારતનાં મહા-મહિમ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદનાં વરદ્ હસ્તે આપવામાં આવ્યો હતો.










બીપીએમાં ટેકનીકલ સ્કુલમાં ૨૦૧૭માં અભ્યાસ કરતાં **વિષ્ણુ વાઘેલા** જે જાપાનમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો હતો. તેમણે બીપીએમાં ચાલતા જાપાનીઝ મેન્યુઅલ મેડીકલ થેરાપીમાં અને કોમ્પ્યુટરની તાલીમ સાથે સાથે ફુટબોલ રમવાની પણ પ્રેક્ટીસ કરતા હતા. આમ, રમતા રમતા તેઓ રીજીયોનલ ફુટબોલ ટીમમાં કેપ્ટન તરીકે પણ રહ્યા છે. અંધત્વમાં આવી રમતોમાં રમવું ખૂબ જ કપરૂ હોય છે. પરંતુ વિષ્ણુભાઈ પોઝીટીવ વિચારધારા અને હાર્ડ પ્રેક્ટીસ કરીને સિદ્ધીનાં શિખરો ક્રમશઃ હાંસલ કરી રહ્યા છે.

## પરમ હંસ યોગાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ સહયોગ




પી.વાય.સી.ટી દ્વારા બીપીએમાં આવતા વયોવૃધ્ધની માનવ સેવા શ્રી એસ.કે.ખજાનચી કરતા હતાં. તેઓ પરોપ કાર્ય કરતાં કરતાં વયવૃધ્ધિનાં કારણે નિધન થતાં તેઓનાં ધર્મપત્નીશ્રી તેમજ તેમની પુત્રી, ટ્રસ્ટીઓ અને મિત્રો દ્વારા માનવ સેવા ચાલુ રાખવા પુનઃ હિમાયત કરી હતી.

તા. ૧૧-૧૨-૨૦૨૧નાં રોજ દિવ્યાંગજનો, વિધવાઓ અને ત્યક્તાઓને ૩૫ અન્નકીટ આપવામાં આવી હતી આ કાર્યક્રમ ને શ્રી કુલદીપ કાલુ (ગુરૂગોન) દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

## લોકોમોટર દિવ્યાંગજનોને સહાય





યુ.એસ.એમાં રહેતા શ્રી શૈલૈષભાઈ શાહ તેઓ પરોપકાર સેવામાં અને દાતાશ્રી છે. તેઓ સેવા પ્રોજેક્ટ માં ગુજરાતમાં દર વર્ષે દાનની સરવાણી કરતાં તેમના પરિવારજનો, મિત્રોને પ્રેરણા પુરી પાડીને ફાળો આપે છે. તેઓએ દિવ્યાંગજનોની સંસ્થામાં બે વર્ષથી કોવિડ - ૧૯ ની ભયાવહતાને કારણે ઘર બહાર નહી જતાં દિવ્યાંગજનોને સાધન-સહાયમાં દાતાશ્રી મદદરૂપ રહ્યાં હતા. તેમજ ગાંધી જયંતિ બીજી ઓક્ટોબરનાં દિવસે વર્ચ્યુઅલ મોડ દ્વારા યુ.એસ.એથી દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કરીને આર્થિક તેમજ રમતગમતમાં અને શિક્ષણમાં મદદરૂપતા માટે તત્પર રહ્યા છે તેવા દાતાશ્રી શૈલેષભાઈ શાહ યુ.એસ.એથી આર્ટીફિસીયલ લિમ્સ અને લોકોમોટર દિવ્યાંગતામાં સાધન સહાયમાં મદદરૂપ રહ્યાં હતાં.

## બેંક કર્મચારી દાતાશ્રી રહ્યાં.



ધી કાલુપુર કોમર્શિયલ કો. ઓપ. બેંક લિ.નાં કર્મચારીશ્રીઓએ તેઓનાં બાવનમાં ફાઉન્ડેશન દિવસ ઉપર તા ૫, મી સપ્ટેમ્બર, ૨૦૨૧નાં રોજ બીપીએમાં બાવન મોતિયાનાં ઓપરેશન, બાવન ટ્રાઈસિકલ, છ પેટીશોપ, બે કેલીપર્સ, બે આર્ટીફિસીયલ લિમ્સ ફાઉન્ડેશન ઉજવણીમાં દિવ્યાંગજનોને આપ્યા હતા. આ તમામ ખર્ચની રકમનું દાન બેંકના કર્મચારીશ્રીઓએ કર્યું હતું.




## ઉષા સિલાઈ તાલીમ કાર્યક્રમ

દિવ્યાંગજનોનાં સ્વરોજગાર માટે બીપીએ દ્વારા ઉષા આંતરરાષ્ટ્રીય લિ. નાં સહયોગથી ધોળકા - ગુજરાતમાં તાલીમી પ્રોજેક્ટ અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

## સીબીઆર કાર્ય



બીપીએનાં બારેજા આઈ હોસ્પિટલનાં શ્રી સુમંત મૈતી તેમજ આશીર્વાદ ટ્રસ્ટ, સાયલા સુરેન્દ્રનગરનાં શ્રી સુરસંગભાઈ સાથે ડૉ. સુદેશએ સાયલા ખાતે સીબીઆર કાર્યમાં દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓના કાર્ય વિષયક ચર્ચા બેઠક કરી હતી.

## સીબીઆઈડી તાલીમ

"કોમ્યુનિટી બેઈઝ ઈન્ક્લુઝીવ ડેવલપમેન્ટ" અંતર્ગત રિહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા RCI.P.W.D.Sનાં નોર્મ્સ અંતર્ગત કાર્યરત છે. આમ, તારીખ ૧૬ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૧ દરમ્યાન વર્ચ્યુઅલ મોડ ઉપર સહયોગી તરીકે મેલબર્ન યુનિવર્સીટી ઓસ્ટ્રેલીયા દ્વારા તાલીમ તાલીમાર્થીઓ માટે ગોઠવી હતી. આ તાલીમમાં તજજ્ઞ તરીકે ડૉ. ભૂષણ પુનાની, શ્રીમતી નંદીનીબેન રાવલ, શ્રી વિમલબેન થવાણી, શ્રી કિન્નરી દેસાઈ, શ્રી ભરત જોશી અને જ્યોતિષ ચૌધરી અંધજન મંડળમાં તાલીમાર્થી પ્રોગ્રામમાં હાજર રહ્યાં હતાં. બીપીએનાં સીબીઆઈડી તાલીમ બેચ ૦૧-૧૦-૨૦૨૧નાં રોજ શરૂ થઈ હતી. તાલીમાર્થીઓ બીપીએનાં વિવિધ સેન્ટરોની મુલાકાતે ફિલ્ડમાં પણ ગયા હતા.







## આઈસીઈવીઆઈ મિટીંગ



બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ કર્મચારીશ્રી એકાઉન્ટન્ટ શ્રી હર્મિશભાઈ મોદી દ્વારા આઈસીઈવીઆઈ ના એકાઉન્ટ્સનું સફળ સંચાલન વર્ષો સુધી કરવામાં આવ્યું હતું. તેઓ તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૧નાં રોજ દક્ષિણ આફ્રિકાના નવા નિયુક્ત પ્રવિણા સુખરાજ વર્ચ્યુઅલ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં શ્રી નંદિનીબેને અને શ્રી હર્મિશ મોદીએ તેમને આઈસીઈવીઆઈ એકાઉન્ટ્સ કેવી રીતે સંચાલન કરે છે તે સમજાવ્યું હતું. તેમજ આઈસીઈવીઆઈ એકાઉન્ટ્સ નું છેલ્લા ૨૦ વર્ષથી શ્રી હર્મિશ મોદી એકાઉન્ટન્ટ તરીકે કાર્ય કરી રહ્યા હતાં. આમ, ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ નાં રોજ શ્રી ડો. ભૂષણ પુનાની અને શ્રી નંદિનીબેન રાવલે આઈસીઈવીઆઈ એક્સિકો મીટીંગમાં હાજરી આપી હતી. અહીં શ્રી ડૉ. ભૂષણ પુનાની ન્યુ ગ્લોબલ વાઈસ પ્રેસિડન્ટ તરીકે શ્રી નંદિનીબેન રાવલ ટ્રેઝરર તરીકે રહ્યાં હતાં.

## આંતરરાષ્ટ્રીય ફિલ્મની વૈજ્ઞાનિક સમિતિના માનદ્ સભ્ય તરીકે નિમણૂક

શ્રીમતી નંદીનીબેન રાવલની ઈરાનની પરવેઝ આંતરરાષ્ટ્રીય ફિલ્મની વૈજ્ઞાનિક સમિતિના માનદ્ સભ્ય તરીકે નિમણૂક થઈ હતી. તેમણે જાન્યુઆરી-૨૦૨૨માં ફિલ્મ ફેસ્ટીવલમાં એક પેપર પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. કુમારી ફતેહ અમીરીએ ઘણી વાર અંધજન મંડળની મુલાકાત લીધી હતી.



## વાલી મિટીંગ

સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા)ના સહયોગથી બધિરાંધ અને બહુ વિક્લાંગ સ્પે. જરૂરિયાત મંદ ત્રીસ ભૂલકાઓનાં વાલીની સ્થાનિક સ્તરે મીટીંગ તારીખ : ૨૫/૧૧/૨૦૨૧ નાં રોજ ગોઠવવામાં આવી હતી. આ મીટીંગમાં સંસ્થાનાં શ્રી વિમલબેન થવાણીએ કોવિડ વેક્સિનેશનના મહત્વ વિશે અને દિવ્યાંગ બાળકોની સમસ્યાઓનાં સંદર્ભે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. જ્યારે કિન્નરીબેન દેસાઈએ ઈ-શ્રમ કાર્ડ નોંધણી સાથે એડવોકેસી તેમજ સીબીઆઈડી કોર્ષ વિષયક ખ્યાલ આપ્યો હતો.



## મોતિયા મુક્ત ઝુંબેશ કાર્યક્રમ



ગુજરાતનાં સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં નેત્રરોગનાં જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે મોતિયાનાં ઓપરેશન સંસ્થાની હોસ્પિટલ દ્વારા કરવામાં આવે છે.

અહીં તારીખ : ૨૮/૧૧/૨૦૨૧ નાં રોજ સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જે બીપીએનાં સહયોગથી ચાલે છે તેમાં શ્રીમતી બેલાબેન અને યોગેશભાઈ પટેલ આઈ. હોસ્પિટલ, વાત્રક ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. તેમાં એકલ વિદ્યાલય ફાઉન્ડેશનનાં સીઈઓ શ્રી રમેશભાઈ શાહ આ કાર્યક્રમમાં મોતિયામુક્ત ઝુંબેશ કાર્યક્રમમાં રહ્યાં હતાં.

## ગુણવત્તાસભર આઈ. યુનિટ

ભૂજ જિલ્લાનાં નળિયા, નખત્રાણાના વિઝન સેન્ટરમાં ત્રિમાસિક રીતે વિઝન સેન્ટરની ઉચ્ચ ગુણવત્તા અંતર્ગત તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે તેમાં બીપીએ પોરેચા હોસ્પિટલની ટીમ દ્વારા કેસીઆરસી વિઝન સેન્ટરનાં સ્ટાફ માટે તાલીમી કાર્યક્રમ તા. ૧૮ ડિસેમ્બર ૨૦૨૧નાં રોજ કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં મુખ્યત્વે હોસ્પીટલની ઓટી તેમજ ઓપીડી વિષયક કે.સી.આર.સી કર્મચારીઓની વધુ કુશળતા કેળવાય તે હેતુથી તાલીમ આપવામાં આવી હતી.



## રિજીયોનલ તાલીમ કાર્યક્રમ

રિજીયોનલ લર્નિંગ સેન્ટર (આરએલસી, વેસ્ટ) દ્વારા પુખ્તવય અને બધિરાંધ સાથે કાર્ય કરતા વાલીઓ અને સ્પે.શિક્ષકોનો સેમિનાર બીપીએનાં અને સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) નાં સંયુક્ત સહયોગથી ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ તારીખ : ૭ થી ૯ ડિસેમ્બર ૨૦૨૧ દરમ્યાન બીપીએનાં કેમ્પસમાં અભિપ્રેરણા અને પ્રયાસ દ્વારા રિજીયોનલ કાર્યક્રમ યોજાયો હતો.

આ તાલીમમાં કોવિડ, મેન્ટલ હેલ્થ, વોકેશનલમાં તકો, દિવ્યાંગજનોનો કાયદો હક્કો અને જવાબદારીઓ તેમજ સરકારી સહાય, કન્સેશન વગેરેની તાલીમમાં જાણકારી આપવામાં આવી હતી. આ દરમ્યાન આનંદધામનાં વોકેશનલ તાલીમ સેન્ટરમાં તાલીમાર્થીઓની મુલાકાત કરાવી હતી. આ સમયે બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહે તાલીમાર્થીઓ માટે સુચારૂ વ્યવસ્થા કરાવી હતી.






## સમગ્ર શિક્ષા તાલીમ કાર્યક્રમ



દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે અતિ જરૂરી ''પ્લસ કરીક્યુલમ'' ની આવશ્યકતા હોય છે. તેથી સમગ્ર શિક્ષા અભિયાન ગુજરાત દ્વારા બે દિવસીય વર્કશોપનું આયોજન બીપીએ કેમ્પસમાં તારીખ ૭ જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું. અહીં પાંચ તબક્કાની બેચો પૈકી દરેક બેચમાં ૪૦ ની મર્યાદામાં પાર્ટીસિપેટ્સની નોંધણી કરવામાં આવી હતી.

આ બે દિવસીય તાલીમમાં (સી.ડબલ્યુ.એસ.એન) સાથે સંલગ્ન સમગ્ર શિક્ષાનાં વિશિષ્ટ શિક્ષકો જોડાયા હતા. આ તાલીમ બીપીએ દ્વારા આયોજીત અને સમગ્ર શિક્ષા અભિયાન ગાંધીનગરનાં સહયોગથી કરવામાં આવી હતી.

## વર્ચ્યુઅલ રિજીયોનલ બધિરાંધ તાલીમ કાર્યક્રમ




બીપીએ, આરએલસી વેસ્ટ અને સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાનાં સંયુક્ત સહયોગી ઉપક્રમે તારીખ : ૧૮ થી ૨૨ જાન્યુઆરી દરમ્યાન વર્ચ્યુઅલ રિજીયોનલ બધિરાંધના શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.
આ કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનાં છપ્પન બધિરાંધ ક્ષેત્રનાં તાલીમાર્થીઓ જોડાયા હતા.
આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં શ્રી વિમલ થવાણી, શ્રી ભરત જોશી, શ્રી સુનિલ ગુરીયર, શ્રી શ્રી નિવાસ. શ્રી આભા જોષી, શ્રી જીજ્ઞા જોશી, શ્રી મનિષા પરીખ રહ્યાં હતાં અને વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન અવિરત ટેકનીકલ બાબતો સંભાળતા શ્રી ભદ્રેશભાઈ અને કો-ઓર્ડિનેશન ટીમે કાર્યક્રમને લાઈવ બનાવી રાખ્યો હતો.

## દાન એકત્રીકરણ ડ્રાઈવ

ઘર વપરાશમાં ઉપયોગમાં લીધા પછી ઘરમાં બિન જરૂરી થઈ ગયેલી ચીજવસ્તુઓને ભંગાર(પસ્તી)માં નહી આપતાં અને આ ચીજ વસ્તુઓ દિવ્યાંગજનોનાં લાભાર્થે આપવા માટે એક દાન એકત્રીકરણ ડ્રાઈવ બકેરી સીટી અને વેજલપુર વિસ્તારમાં કરવામાં આવી હતી. આ સમયે ઘણા દાતાશ્રીઓનો સહયોગ સાંપડ્યો હતો.

## સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ

રિજીયોનલ લર્નીંગ સેન્ટર (ઈન્ડિયા) લિ. નાં સહયોગથી સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ તા.૧ નવેમ્બર ૨૦૨૧ નાં રોજ વાંકાનેરમાં કરવામાં આવ્યો હતો. આ વર્ચ્યુઅલ કાર્યક્રમ ઉદ્‌બોધનમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ સેક્રેટરીશ્રી તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીનીબેન રાવલ, શ્રી વિમલબેન થવાણી, શ્રી આર.એસ જાદવ રહ્યાં હતા. તેમજ બીજો સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ તા. ૧૮ ડિસેમ્બરે મોરબી ખાતે કર્યો હતો. આ કાર્યક્રમ આર.એલ.સી નાં સહયોગથી કરવામાં આવ્યો હતો.








## કોવિડનો રેશિયો ઘટતા



કોવિડની મહામારી ક્રમશઃ કાબૂમાં આવતાં નવા આયામો સાથે માનવજીવન ફરી ધબકતું થયું છે ત્યારે દિવ્યાંગજનો માટે અવિરત કાર્યરત સંસ્થામાં પણ ઓક્ટોબર - ૨૦૨૧થી ડિસેમ્બરનાં (ત્રણ માસ) ના ગાળામાં દિવ્યાંગજનોની મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. તેમજ મુલાકાતીઓએ તાલીમ પુનર્વસનનાં કાર્ય પ્રત્યક્ષ નિહાળ્યા હતાં અને શિક્ષણ, પુનર્વસન કાર્યોને બિરદાવ્યાં હતા. આમ અંદાજે ૩૦૦ મુલાકાતીઓએ વિઝન ઈન ધ ડાર્કની મુલાકાત લઈને આંખની વિશેષ કાળજીની સમજ પણ પ્રાપ્ત કરી હતી.

## વેક્સીન કાર્યક્રમ

૧૮ વર્ષની નીચેની વયનાં દિવ્યાંગ તાલીમાર્થી વિદ્યાર્થીઓને કોવિડ રસીકરણ કરવામાં આવ્યું હતું.



## દંત ચિકિત્સા સહ કોવિડ રસીકરણ કાર્યક્રમ



સમગ્ર મનુષ્ય જાતિને ભયભીત કરતાં કોવિડની વૈશ્વિક મહામારીમાં અથાગ વૈજ્ઞાનિક પ્રયાસો દ્વારા - કિશોરાવસ્થાનાં બાળકોને માટે પણ આ રોગની સામે રક્ષણાત્મક પગલાં ભારત સરકારે લીધા હતા અને ૧૫ થી ૧૮ વર્ષની વયનાં વ્યક્તિઓને રસીકરણ કરવામાં આવ્યું હતું.

અહીં બીપીએ સંચાલિત દિવ્યાંગજનોનાં ખુશીઓનું સરનામું : ૧ માં આરોગ્ય વિભાગ દ્વારા વેક્સીનેશન ડીસા ખાતે કરવામાં આવ્યું હતું.તેમાં દસ બાળકોને પ્રથમ ડોઝ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા આપવામાં આવ્યો હતો તેમજ દંત ચિકિત્સા કેમ્પમાં વિદ્યાર્થીઓના દાંતનું નિદાન કરવામાં આવ્યું હતું.

## પોરેચા હોસ્પિટલને ઈકો વ્હીકલ દાન

નર નારાયણ શાસ્ત્રી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, જેતલપુર દ્વારા પાંચ સીટેડ ઈકો એસી સી.એન.જી વ્હીકલ પરમ પૂજ્ય મહંતશ્રી સ્વામી શ્રી સ્વામી નારાયણ મંદિર જેતલપુરનાં વરદ્ હસ્તે બીપીએ પોરેચા હોસ્પિટલનાં દર્દીઓને માટે સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આપવામાં આવી છે. આ પ્રસંગે બીપીએ દ્વારા સંસ્થાનો આભાર માનવામાં આવ્યો હતો.





## સામાજીક સેવા એવોર્ડ - ૨૦૨૧

શ્રી મહાદેવ દેસાઈ સામાજીક સેવા એવોર્ડ વર્ષ ૨૦૨૧ નો કાર્યક્રમ ગુજરાત વિદ્યાપીઠમાં તારીખ : ૦૧/૦૧/૨૦૨૨ નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બીપીએનાં એક્ઝીક્યુટીવ સેક્રેટરી શ્રી ડૉ. ભૂષણ પુનાની ઉપસ્થિત રહ્યાં હતા.




## ઈ-શ્રમકાર્ડમાં નોંધણી

ભારત સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઈ-શ્રમ કાર્ડની નોંધણી ઓનલાઈન કરવામાં આવે છે. ત્યારે દિવ્યાંગજનોનું પણ ઈ-શ્રમ કાર્ડ બનાવવામાં આવે તો તેઓ સરકારી યોજનાઓથી લાભાંવિત થઈ શકે તેથી બીપીએ દ્વારા એકસોસાંઈઠ દિવ્યાંગજનોનાં ઈ-શ્રમ કાર્ડ બે દિવસમાં ત્વરીત નોંધણી કરવામાં આવી હતી. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી અને વધુ ને વધુ દિવ્યાંગજનો ઈ-શ્રમ કાર્ડથી ક્રમશઃ લાભાંવિત થઈ રહ્યાં છે.






## વર્ચ્યુઅલ રાષ્ટ્રીય કોન્ફરન્સ સમ્મિલિત



એસ.એન.ડી.ટી મહિલા યુનિવર્સિટી સ્પે. શિક્ષણ વિભાગ દ્વારા જુદી જુદી સ્કુલોનાં સહયોગથી મદદરૂપ થાય છે તેઓએ યુરો સ્કુલ, બીલબોંગ હાય ઈન્ટરનેશનલ સ્કુલ, યુરોકીડ્સ, પ્રી સ્કુલ, કાંગારૂ કીડ્સ ઈન્ટરનેશનલ પ્રી સ્કુલ, અને સેન્ટર પોઈન્ટ સ્કુલને આવરી લીધી હતી. આ સ્કુલોમાં અંદાજે ૪૫૦૦૦/- વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સંદર્ભે નેશનલ કોન્ફરન્સમાં સંમ્મિલિત શિક્ષણને સશક્તિકરણ તેમજ સક્ષમ બનાવવા માટે આ સ્કુલ હિસ્સેદારો માટે તારીખ : ૨૯ થી ૩૦ જાન્યુઆરી વર્ચ્યુઅલ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં ચેર પર્સન તરીકે બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી નંદીનીબેન રાવલે સંમ્મિલિત શિક્ષણમાં સશક્તિકરણ અને સક્ષમતા ના ભાગરૂપે તારીખ : ૩૦ જાન્યુઆરીનાં રોજ વર્ચ્યુઅલ સેશનમાં ઉદ્‌બોધન કર્યું હતું.

## એનડીટીવી સાથે ઈન્ટરવ્યુ

ઉષા સિલાઈ અને અવાજ તાલીમ ફાઉન્ડેશન દ્વારા બીપીએનાં નાઝ સેન્ટર ખાતે દિવ્યાંગજનોને તાલીમ આપવામાં આવે છે અહીં દિવ્યાંગજનોનાં સ્વરોજગાર, તાલીમ, આત્મનિર્ભરતા, સ્વાભિમાન અંતર્ગત એનડી.ટીવી ને ઈન્ટરવ્યુ બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીનીબેન રાવલે તારીખ: ૨૮-૦૨-૨૦૨૧ નાં રોજ આપ્યો હતો.



## નેત્ર-ચિકિત્સા નિદાન કેન્દ્ર














### વિવિધ સ્થળોએ નેત્રનિદાન કેમ્પો અને શસ્ત્રક્રિયા બાદ જન-જાગૃતિ નેત્ર અંતર્ગત કાર્યક્રમોની ઝાંખી

બીપીએ પોરેચા હોસ્પિટલ દ્વારા આંખ ચકાસણી નેત્ર નિદાન કેમ્પ આયોજનની ઝુંબેશ અવિરત કાર્યરત રહે છે. ત્યારે આ કાર્યમાં સહયોગી, દાતાશ્રીઓ જુદી જુદી લોકલ એજન્સીઓનાં સહયોગથી નેત્રનિદાન ચિકિત્સા અને આંખની સાર-સંભાળ માટે કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. અહી જુદા જુદા સ્થળે કેમ્પો કરી નેત્ર ચિકિત્સા કરવામાં આવે છે.

## નૂતન વર્ષે ગીફ્ટ (ભેટ) આપી.



**દિવ્યાંગ ક્રિકેટ રમતવીરોને શિયાળામાં પહેરી શકાય તે માટે જેકેટ શ્રી લક્ષ્મીબેન અગ્રવાલ દાતાશ્રી તરફથી તેમજ તમામ વિદ્યાર્થીઓને પ્રિતિ ભોજન આપવામાં આવ્યું હતું.**

## ગુરૂદેવ જન્મદિન ઉજવણી

પીવાયસીટી દ્વારા ગુરૂદેવ જન્મદિન ઉજવણી સમયે દિવ્યાંગજનોને સાધન સહાયમાં ૯ (નવ) વ્હીલચેર જરૂરિયાતમંદને આપવામાં આવી હતી. સંસ્થાનાં જનરલ સેક્રેટરી શ્રી ડૉ. ભૂષણ પુનાનીએ તારીખ : ૦૫ જાન્યુઆરી ૨૦૨૨ નાં રોજ આ કાર્યક્રમમાં મોટીવેશન અંગે સેશન લીધુ હતું.

આ સમયે પીવાયસીટી દ્વારા માસ્ક, સેનીટાઈઝર તેમજ ચીકીનું વિતરણ સાથે નૂતન વર્ષનાં કેલેન્ડર લાભાર્થીના પરિવારજનોને આપ્યાં હતાં. આ કાર્યક્રમમાં દેવદીપ ટાવરનાં દાતાશ્રીએ બે હજાર રૂ જ્યારે ગુરૂજી દાતાશ્રીએ રૂ એક હજાર ચીકી માટે દાન આપ્યું હતું.



## અન્નદાન કીટ

દ્દષ્ટિક્ષતિ તેમજ વિધવા, ત્યકતા, ૩૫ બહેનોને અન્નદાન કીટ આપવામાં આવી હતી. આ ઈવેન્ટનાં સ્પોન્સર શ્રી નરસિંહમાં મુંબઈ જેઓ શ્રી એસ.કે.ખજાનચીનાં મિત્ર હતા. તેમણે મંદબુધ્ધિનાં અને શારિરીક અશક્ત બાળકોનો તારીખ : ૧૧/૧/૨૦૨૨ નાં રોજ આપવામાં આવી હતી.



## કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા

બીપીએનાં એક્ઝીક્યુટીવ સેક્રેટરીશ્રી ડૉ. ભૂષણ પુનાની તા. ૦૭/૧૨/૨૦૨૧ નાં રોજ ક્રિયેટીંગ ઈન્ક્લુઝીવ એક્સીસેબલ અને સનસ્ટેટીબલ અંતર્ગત પોસ્ટ કોવીડ - ૧૯ નાં વર્ચ્યુઅલ કાર્યક્રમમાં રહ્યાં હતાં. આ કાર્યક્રમનું આયોજન અમેઠી ઈન્સ્ટીટ્યુટ ઓફ રિહેબીલીટેશન સાયન્સ (એ.આઈ.આર.એસ) અમેઠી યુનિવર્સીટી, નોઈડા દ્વારા કરવામાં આવ્યું હતું.

સાર્થક એજ્યુકેશન ટ્રસ્ટ, નવી દિલ્હી (એન.એ.એ.આઈ) સંસ્થા દ્વારા "ડિસેબીલીટી ડિઝીટલ દિવ્યાંગ" ઉપર વર્ચ્યુઅલ કાર્યક્રમ ૮ મી નેશનલ કોન્ફરન્સમાં તા. ૧૭/૧૨/૨૦૨૧ થી તા. ૧૮/૧૨/૨૦૨૧ દરમ્યાન યોજાયો હતો. આ કાર્યક્રમમાં બીપીએનાં તજજ્ઞશ્રી શ્રી કૃપા વેલાણીએ ભાગ લીધો હતો.

શ્રી નંદિનીબેન પી. દિવેટીયા ગ્રામીણ પુનર્વસન વિક્લાંગ પુરસ્કાર રૂડમી કમિટી-૨૦૨૧નાં એવોર્ડ પસંદગીનાં સભ્ય તરીકે બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ તારીખ : ૩૦/૧૧/૨૦૨૧ નાં રોજ રહ્યાં હતાં.

રિસોર્સ જનરેશન અને મેનેજમેન્ટ એ.આઈ.સી.બી તાલીમ કાર્યક્રમમાં લીડરશીપ સ્કીલ અને ફાયનાન્સિયલ મેનેજમેન્ટ ઉપર બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીનીબેન રાવલે પ્રેઝન્ટેશન તારીખ : ૧૮/૧૨/૨૦૨૧ નાં રોજ કર્યું હતું.

## પ્રજાસત્તાક દિન ઉજવણી

બીપીએનાં વિવિધ જગ્યાએ જુદા જુદા યુનિટોમાં પ્રજાસત્તાક દિને યુનિટનાં દિવ્યાંગ ભૂલકાઓ સાથે કર્મચારીશ્રીઓ દ્વારા ઉજવણી કરતાં દ્રષ્ટિગોચર થાય છે.



## બીપીએ પ્રાંગણમાં ઉત્સવો



**દિપાવલી નવરાત્રિ-દશેરાપૂજન નાતાલ ઉજવણી**

ઓક્ટોબર - ૨૦૨૧માં જે કર્મચારીશ્રીનાં જન્મદિન આવતા હતા. તેમણે સામૂહિક રીતે જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી અને સામૂહિક ગેટ ટુ ગેધર સ્નેહ મિલન કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો.

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gchscbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની, સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી પ્રકાશક સહાયક :
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ તસ્વીરો : શ્રી ભરત એ. ધુરી

*If not delivered, please return to:*
BPA Research and Newsletter
**Blind People's Association**
***(Formerly Blind Men's Association)***
Vastrapur, Ahmedabad-380015
Gujarat, INDIA

**BOOK POST**

**To,**